કેદારનાનાથ ખીણમાં વધુ ૬૪ મૃતદેહો મળી આવ્યા



તમામ જગ્યાએ શોધખોળ વધુ તીવ્ર કરાઈ : કુદરતી હોનારતના મહિનાઓ બાદ પણ લાશ મળી રહી છે

દહેરાદુન,તા. ૫

જુનમાં ઉત્તરાખંડમાં કુદરતી હોનારતના બે મહિના બાદ પણ હજુ અસરગ્રસ્ત વિસ્તારોમાં મૃતદેહો હાથ લાગી રહ્યા છે. છેલ્લા તોડાક દિવસના ગાળામાં ૬૪ વધુ મૃતદેહો મળી આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. કેદાર ખીણમાં ઉંચાણવાળા વિસ્તારોમાં આ મૃતદેહો મળી આવ્યા બાદ તમામના તમામ ધાર્મિક વિધી સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આ તમામ મૃતદેહ શ્રદ્ધાળુઓના હોવાના અહેવાલ મળ્યા છે. આઈજી આરએસ મીણાએ કહ્યું હતું કે હજુ પણ કેટલાક મૃતદેહો હાથ લાગી શકે છે. મીણાએ કહ્યું હતું કે રામબાડા અને કેદારનાથ મંદિરની આસપાસ છેલ્લા બે દિવસના ગાળામાં કુલ ૬૪ના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા છે. ખીણના ઉંચાણવાળા વિસ્તારો અને વન્સ વિસ્તારોમાં ફસાયેલા અને હજુ સુધી લાપતા રહેલા લોકોની શોધખોળ વધારે તીવ્ર બનાવવામાં આવી છે. અગાઉ ખરાબ હવામાનના કારણે તેમની શોધખોળ હાથ ધરી શકાઈ ન હતી. હવે હવામાનની સ્થિતી સ્પષ્ટ થતા શોધખોળ ફરી શરૂ કરાઈ છે. જો હવામાન મંજૂરી આપસે તો રામબાડા, ગોરીગાવ અને ભીમબાલીમાં આગામી દિવસોમાં શોધખોળ વધારે તીવ્ર બનાવવામાં આવનાર છે. હવામાનની સ્થિતી સ્પષ્ટ થવાની સાથે સાથે ૧૧મી સપ્ટેમ્બરના દિવસે હિમાલિયન મંદિરમાં પુજાની શરૂઆત કરવામાં આવનાર છે. મંદિરમાં ૧૧મી સપ્ટેમ્બરના દિવસથી ફરી પુજા શરૂ થનાર છે જેથી જોરદાર તૈયારી ચાલી રહી છે. તાજેતરમાં એનડીઆરએફની આશરે ૩૦ પોલીસ અધિકારીઓની ટીમ તૈયારીના ભાગરૂપે તૈનાત છે.

મુંબઈ ગેંગ રેપમાં ચાર આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં

૨૩ વર્ષીય ફોટોજર્નાલિસ્ટ ઉપર સામુહિક બળાત્કારના મામલે મુંબઈ કોર્ટે આદેશ કર્યો : તમામ ચારેય શખ્સોને ૧૪ દિવસ સુધી કસ્ટડીમાં લેવા હુકમ

મુંબઈ,તા. ૫

દેશભરમાં તાજેતરમાં ભારે ચકચાર જગાવનાર ૨૩ વર્ષીય ફોટોજર્નાલિસ્ટ ગેંગ રેપ કેસમાં ચાર આરોપીઓને આજે ૧૯મી સપ્ટેમ્બર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટ કોર્ટે આ આદેશ કર્યા બાદ કોર્ટમાં સોપો પડી ગયો હતો. મજિસ્ટ્રેટ યુએમ પડવાદે તમામ ચારેય આરોપીને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જે આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે તેમાં સિરાઝ રહેમાન ખાન, વિજય જાદવ, કાસીમ બંગાળી અને સલીમ અંસારીનો સમાવેશ થાય છે. ઓવખ પરેડ માટે જ્યુડિશિયલ કસ્ટડીની માંગ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવ્યા બાદ તેમને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. તેમની પોલીસ કસ્ટડીની અવધિ આજે પૂર્ણ થઈ ગઈ હતી. ૩૦મી ઓગષ્ટના દિવસે અન્ય એક માઈનોર આરોપીને જૂવેનાઈલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો જ્યા તેને રીમાન્ડ ગૃહમાં મોકલી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ૨૭મી ઓગષ્ટના દિવસે દિલ્હીની સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમ અને ગુજરાત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમ દ્વારા આરોપીઓ સામે કેસને મજબુત કરવાના હેતુસર મુંબઈમાં શક્તિમિલ કમ્પાઉન્ડમાં ઘટનાસ્થળે આશરે ત્રણ કલાક સુધી ચકાસણી કરી હતી. ગુજરાતની ટીમમાં બે સાઈકિયાટ્રિસ્ટ પણ સામેલ હતા. આ ટીમે આરોપી પર લેરેડ વોઈસ એનાલિસીસ ટેસ્ટ પણ કર્યા હતા. આરોપીઓએ ઈન્ડિયન પિનલ કોડની જુદી જુદી કલમો લાદી હતી. જે પૈકી અન્ય ત્રણ કલમો લાગુ કરવામાં આવી છે. જેમાં કલમ ૩૭૭, ૨૦૧ અને ૧૨૦ બીનો સમાવેશ થાય છે. પાંચ આરોપી સામે અગાઉ આઈપીસીની કલમ ૩૭૬, ૩૪૨, ૫૦૬(૨) અને ૩૪ લાગુ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે ૨૨મી ઓગષ્ટની સાંજે પારેલ વિસ્તારમાં શક્તિ મિલ કમ્પાઉન્ડમાં ફોટો જર્નાલિસ્ટ પર ગેંગ રેપ કરવામાં આવ્યો હતો.

બિહારમાં પુરની સ્થિતી હજુ ગંભીર : મૃતાંક વધીને ૧૭૬

પટણા,તા.૫

બિહારમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. રાજ્યમાં ૩૮ જિલ્લાઓ પૈકી ૨૦ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. અસરગ્રસ્ત જિલ્લાના તમામ વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી બાજુ પુરના કારણે મોતનો આંકડો વધીને ૧૭૬ ઉપર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ પાંચ લોકોના મોત થયા છે. જે પૈકી મુંગેર અને ભાગલપુર જિલ્લામાં ક્રમશ ત્રણ અને બે લોકોના મોત થયા છે. આગામી થોડાક દિવસોમાં પુરની સ્થિતીમાં સુધાર થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. કારણ કે રાજ્યમાં કુલ ૧૩ મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર કરતા ઉપર પહોંચી ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે આઠમી સપ્ટેમ્બરથી ઉત્તર બિહારના કેટલાક જિલ્લામાં ખુબ ભારે વરસાદ થવાની શક્યતા છે. ઉપરાંત નેપાળમાં મોટી નદીઓના મૂળ સ્થળ ખાતે હાલમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ચિંતાજનક બાબત એ પણ છે કે ગંગા નદીમાં પાણીની સપાટી તમામ ૧૨ જિલ્લામા ભયજનક સ્તર કરતા ઉપર છે. ગંગા નદીના કારણે જે ૧૨ જિલ્લાને માઠી અસર થઈ છે તેમાં બક્સર, ભોજપુર, પટણા, સારન, વૈશાલી, સમસ્તીપુર, બેગુસરાય, લખીસરાઈ, મુંગેર, ખાગરિયા, ભાગલપુર, કટિહારનો સમાવેશ થાય છે. મળેલી માહિતીમાં જણાવાયું છે કે પટણા ખાતે ગંગા નદીમાં ૨૬મી જુલાઈ બાદથી પાણીની સપાટી ભયજનક સ્તરતી ઉપર પહોંચી ગઈ છે. બિહારમાં એકદંરે પુરના કારણે ૫૯ લાખ લોકોને માઠી અસર થઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના મુખ્ય સચિવ વ્યાસજીએ બચાવ અને રાહત કામગારીની સમીક્ષા કરી છે.

સેન્સેક્સમાં વધુ ૪૧૨ પોઈન્ટનો સુધારો

છેલ્લા બે દિવસમાં જ સેન્સેક્સમાં ૭૪૨ પોઈન્ટનો સુધાર : શેરબજારમાં આરબીઆઈના પગલાઓથી નવી રાહતનું મોજુ : માર્કટ બ્રિડથ હકારાત્મક : બેકિંગ શેરોમાં તીવ્ર લેવાલી : સેન્સેક્સ ૧૯૦૦૦ની નજીક

મુંબઈ,તા. ૫

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારની શરૂઆતમાં જ તેજી રહ્યા બાદ અંત સુધી અવિરત તેજી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૪૧૨ પોઈન્ટ સુધરીને ૧૮૯૮૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૪૫ પોઈન્ટ સુધરીને ૫૫૯૩ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા ત્રણ સપ્તાહના ગાળામાં સેન્સેક્સ ફરી એકવાર સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો છે. શેરબજારમાં તેજી માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. સેન્સેક્સ ફરી એકવાર હવે ૧૯૦૦૦ની નજીક છે. આવતીકાલે ૧૯૦૦૦ની સપાટી કુદાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. શેરબજાર અને રૂપિયામાં આજે રિકવરી જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો સુધારો રહ્યો હતો. એશિયન બજારોમાં પણ આજે તેજી જોવા મળી હતી. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો ઘરઆંગણે બીએસઈ બેકેક્સ ઈન્ડેક્સમાં નવ ટકાથી વધુનો સુધાર થયો હતો જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ, રિયાલિટી, પીએસયુ, એફએમસીજી, કેપિટલ ગુડ્સ, પાવર અને ઓઈલ એન્ડ ગેસ જેવા કાઉન્ટર પર ૨-૫ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. જો કે બીએસઈ આઈટી અને હેલ્થકેર ઈન્ડેક્સમાં ૨-૩ ટકા વચ્ચેનો ઘટાડો થયો હતો. બેકિંગ શેરમાં ઉથલપાથલ જોવા મળી હતી. બેકિંગ શેરમાં આજે નવી આશા પણ જાગી હતી. આરબીઆઈએ રિટેલ મૂડીરોકાણકારોને રાહત આપવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા કેટલાક પગલા જાહેર કર્યા બાદ તેજી પરત ફરી હતી. યશબેંક, એક્સીસ બેંક, ફેડરલ બેંકમાં ૧૨-૨૧ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. કોટક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એસબીઆઈ, બેંક ઓફ વડોદરા, બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક સહિતની બેંકોમાં સુધારો થયો હતો. ઓએનજીસી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૫-૧.૪ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. મારૂતિ સુઝુકી, આઈટીસી, એચયુએલ, બજાજ, હિરોમોટોમાં પણ ૧-૨ ટકાનો સુધાર થયો હતો. મોટા ભાગના શેર આજે તેજીમાં રહ્યા હતા. માર્કેટ બ્રિડથ ખૂબજ હકારાત્મક રહી હતી. ૧૪૮૭ શેરમાં તેજી અને ૮૪૯ શેરમાં મંદી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગઈકાલે ફરી એકવાર તેજી જામી હતી. ઓટોમોબાઈલ અને બેકિંગ શેરમાં તીવ્ર લેવાલી નીકળતા કારોબારના અંતે તેજી રહી હતી. ઓક્ટોબર ૨૦૧૧ બાદથી હાલમાં બીજો સૌથી મોટો કડાકો શેર બજારમાં નોંધાયા બાદ ગઈકાલે ફરી એકવાર રિકવરની નોંધાઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૩૩૩ પોઈન્ટ સુધરીને ૧૮૫૬૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ગઈકાલે ૧૦૭ પોઈન્ટ સુધરીને ૫૪૪૮ની સપાટીએ રહ્યો હતો. મૂડીરોકાણકારો ગઈકાલની મંદીને રેટીંગ સંસ્થા દ્વારા ભારત માટે ડાઉનગ્રેડ કરવાની ચેતવણીને જવાબદાર ગણી રહ્યા છે. આ ઉપરાંત વૈશ્વિક બજારોમાં ઉથલપાથલ તથા પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો જેવા પરિબળો પણ શેરબજારને અસર કરી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં જ સેન્સેક્સમાં ૭૪૨ પોઈન્ટનો ઉલ્લેખનીય સુધારો થઈ ચુક્યો છે.

ગીતિકા કેસ મામલામાં હરિયાણાના પૂર્વ પ્રધાન કાન્ડાને જામીન

વિધાનસભાના સત્રમાં હાજરી આપવા મંજૂરી

નવી દિલ્હી,તા. ૫

દિલ્હીની કોર્ટે આજે એરહોસ્ટેસ ગીતિકા શર્મા આત્મહત્યા કેસમાં મુખ્ય આરોપી હરિયાણાના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન ગોપાલ કાન્ડાને એક મહિના માટે જામીન આપી દીધા હતા. આની સાથે જ ગોપાલ કાન્ડાને કામચલાઉ રાહત મળી હતી. કાન્ડા જામીન મળ્યા બાદ હવે ચોથી ઓક્ટોબર સુધી જામીન પર રહેશે. કાન્ડાને વિધાનસભાના સત્રમાં હાજરી આપવા માટે મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા ૧૪ મહિનાથી ગોપાલ કાન્ડા જેલમાં હતા. ગોપાલ કાન્ડાએ રાજ્ય વિધાનસભાના સત્રમાં હાજરી આપવા માટે વચગાળાના જામીનની માંગ કરી હતી. તેમની માંગ આજે સ્વીકારી લેવામાં આવી હતી.

૧૦મી મેના દિવસે દિલ્હી કોર્ટે ગોપાલ કાન્ડાની સામે આત્મહત્યા કરવા તરફ પ્રેરિત કરવા અને કાવતરાના આરોપસર આરોપો ઘડ્યા હતા. ભૂતપૂર્વ એરહોસ્ટેસ ગીતિકા શર્મા કેસમાં તેમની સામે ટ્રાયલનો માર્ગ મોકલો થઈ ગયો છે.

આસારામ એક અશ્લિલ રેકેટ પણ ચલાવતા હતા : અહેવાલમાં ઘટસ્ફોટ

સીડીથી સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થાય તેવી સંભાવના : આસારામનો સેવાદાર શિવાએ પોલીસ સમક્ષ ઘણી બધી માહિતી રજુ કરી હોવાના અહેવાલ : સીડી કબજે કરવા પોલીસ અમદાવાદ પહોચી શકે છે

જોધપુર,તા. ૫

રેપના કેસમાં આક્ષેપોનો સામનો કરી રહેલા આસારામ પર સકંજો વધુ મજબુત બની રહ્યો છે. હવે એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે આસારામ અશ્લિલ રેકેટ ચલાવતા હતા અને સમગ્ર ટીમ મદદ કરતી હતી. સીડીથી આ બાબતનો ખુલાસો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હજુ સુધી તપાસમાં એવા પુરાવા મળ્યા છે કે એક કાવતરાના ભાગરૂપે માસુમ બાળકીઓને ફસાવવામાં આવતી હતી. આસારામના સેવાદાર શિવાએ જોધપુર પોલીસને સેક્સ અને સંમોહન સાથે સંકળાયેલી એક સીડી અંગે વાત કરી છે જે આસારામના આશ્રમોમાં દર્શાવવામાં આવતી હતી. સીડી કબજે કરવા માટે પોલીસ શિવાને લઈને આસારામના અમદાવાદ આશ્રમમાં પહોંચે તેવી શક્યતા છે. સૂત્રોના કહેવા મુજબ આસારામ અને તેમના સાથીઓ શિલ્પી, શિવા અને સરત ચંદ્ર રાહીના કોલ ડિટેઈલમાંથી ઘણા બધા પુરાવાઓ હાથ લાગ્યા છે. પાંચમી ઓગસ્ટથી ઘટનાના દિવસ સુધી એટલેકે ૧ પમી ઓગસ્ટ સુધી ચારેય આરોપી સતત વાતચીત કરતા રહેતા હતા. પાંચમી ઓગસ્ટથી પહેલા અને ૧ પમી ઓગસ્ટ બાદ આ ચારેય વચ્ચે ખુબ ઓછી વાતચીત થતી હતી. પોલીસના જણાવ્યા મુજબ શિલ્પી અને શિવા આશ્રમના સૌથી વિશેષ લોકો પૈકી છે. શિલ્પી છિંદવાડા આશ્રમમાં વોર્ડન છે જ્યારે સરદ રાહી ડાયરેક્ટર તરીકે છે. અલબત્ત અધિકારીઓએ સત્તાવાર રીતે વધારે માહિતી આપી નથી. ડીસીપી અજય લાંબાએ કહ્યુ છેકે શિવાએ અનેક મહત્વપૂર્ણ ખુલાસા કર્યાછે જે અંગે હાલમાં વાત કરવી સરળ રહેશે નહીં. તેની જુબાનીના આધાર પર જ પોલીસ ટીમ અમદાવાદ જશે. આસારામના ખાનગી સેવાદાર શિવા પોલીસને કહી ચુક્યો છે કે અનુષ્ઠાનના નામે આસારામ પોતાની ધ્યાનના રૂમમાં મહિલાઓને એકલા મળતા હતા.

સમાચાર ઝલક

- ♥ વિજયનગર તાલુકા પંચાયતના જુનીયર કલાર્ક રૂપિયા વીસ હજારની લાંચ લેતા ઝડપાયા.
- ♥ થરાદમાં પુરૂષો સ્ત્રીનાં કપડાં પહેરી છેતરપીંડી કરતાં ઝડપાયા.
- ♥ શિખર બેઠકમાં સંવેદનશીલ મુદ્દા રજૂ કરશે વડાપ્રધાન મનમોહનસિંહજી.
- ♥ તા.૫મી સપ્ટેમ્બરે દેશભરમાં શિક્ષકદિનની થયેલી ઉજવણી.
- ♥ નોકીયા સ્માર્ટફોન ભાવમાં મોટો ઘટાડો કરે તેવી શક્યતા.
- ♥ ફિલ્મ અભિનેતા જિતેન્દ્રનો કારોબાર પુત્ર તુષાર કપૂર ટૂંકમાં સંભાળી લેશે.
- ♥ તલાલાની સરકારી હોસ્પિટલમાં એક જ દિવસમાં પ્રસુતિના ૧૪ કેસ આવતાં તંત્રમાં દોડધામ.
- ♥ ભારતીય મંદિરોમાં ૨૦,૦૦૦ ટન સોનું પડ્યું છે, તેની કુલ કિંમત ૧૦૦૦ અબજ ડોલર છે.
- ♥ હોમ લોન માટે નવા નિયમો ઘડતી રિઝર્વ બેંક.
- ♥ ૩૦ બળાત્કાર અને ૧૫ ખૂનનો આરોપી બેંગ્લોરની જેલમાંથી પોલીસનો ડ્રેસ પહેરી ફરાર.
- ♥ સિરીયા ઉપર હુમલો થાય તો પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને જશે.
- ♥ આખા ધાન્ય અને કઠોળ ખાવાથી સ્ફૂર્તિ રહે છે.
- ♥ ગુજરાત સરકાર સ્ટેમ્પ ડ્યુટી એક્ટ ફરી સુધારશે.
- ♥ હાઉસિંગ બોર્ડનું આવાસ સરવાળે બજાર ભાવ કરતાં પણ મોંઘુ પડશે.
- ♥ મદ્યપાન ન કરવું, પદનો મોહ ન કરવો, જુગાર-શિકાર, સ્વમાન ન હણવું, મારામારી, શક્તિનો અનાદર ન કરવો, સ્ત્રીઓને સન્માન આપવું, કઠોર વચન, નિંદા ન કરવી : આ સાત મર્યાદાનું પાલન કરે તે જ સાચો શિક્ષક : પૂ. મોરારીબાપુ.
- ♥ સુરત જિલ્લાના કોસંબામાં છ બંધ મકાનોમાં લાખોની ચોરી.
- ♥ અમિતાબ બચ્ચન 'ખુશ્બુ ગુજરાત કી' નવું શુટીંગ કરવા માટે નવરાત્રીમાં ગુજરાત આવશે.
- ♥ યાહુ-ગુગલની સરકારી સેવાઓ ઉપર પ્રતિબંધ.
- ♥ અમદાવાદના મોટા ગજાના બિલ્ડર પર ઇન્કમટેક્સની તપાસ.
- ♥ નાગરિકતા માટે આધારકાર્ડ ન ચાલે મુંબઇ હાઇકોર્ટ, વાલીઓ ભારતીય નાગરિક હોવા જોઇએ.
- ♥ પાણીના પાઉચ બંધ કરવા રાજ્ય સરકારનો નિર્ણય.

આરોગ્ય માર્ગદર્શન (પાના નં. ૪ નું ચાલુ)

● **નિદાન :**

આ બિમારીનું નિદાન કરતા માટે નીચે પ્રમાણેની પ્રાયોગિક પદ્ધતિ વપરાય છે.

(૧) રોગી - દર્દીના લોહીમાંથી રોગનાં કારણભૂત એવા વિષાણુ છુટા પાડી તેનો નાશ કરવો.

(૨) દર્દીના સારવાર કરનારને પણ ચેપ લાગવાની વધારે સંભાવા હોય નિદાન માટે લેવાયેલા લોહીનાં તેમજ પેશાબના નમૂનાઓની વૈજ્ઞાનિક તપાસ કરાવવી.

● **રોગ અટકાવવા માટે જરૂરી પગલાંઓ :**

પ્રાથમિક

આ એક ચેપી રોગ છે. ઈતડી જેવા સૂક્ષ્મ જંતુ દ્વારા ફેલાય છે. તેથી વ્યક્તિગત પોતાની શારીરિક - સુરક્ષા કેમ કરવી તે માટે લોકોનો ચોક્કસ માહિતી પુરી પાડવી.

(૧) જે વિસ્તારમાં ઈતડી બગા જેવા જંતુ વ્યાપક પ્રમાણમાં હોવાની સંભાવના હોય તેવા વિસ્તારોમાં જવાનું ટાળવું કે મુલતવી રાખવું.

(૨) રૂંવાટીવાળા તથા પાળેલા પશુના શરીર પર હાથ ના ફેરવવો, તેને પંપાળવા નહીં.

(૩) ઈતડીના ડંખથી બચવા શરીરના કોઈ ભાગ ખુલ્લો ન રહે તેવાં કપડાં પહેરવાં. હાથ-પગ પર માજો પહેરવાં, શરીર ઢાંકેલુ રાખવું.

(૪) વસ્ત્રો ઓછા રંગના પસંદ કરવા, જેથી તેના પર ઈતડી ચોંટી હોય તો તે તુરંત જ દેખાઈ આવે.

(૫) સંજોગોવશાત્ ઈતડી જો ચોંટી હોય તો તેને ખંખેરી ન નાખતાં, ચિપિયા વડે પકડીને તેને અળગી કરવી તે પછી તેનો નાશ કરવો.

(૬) પેન્ટ કે લેઘા જેવાં પહોળી મોરીનાં કપડાં પહેર્યા હોય તો તેને પગમાં મોજામાં ખોસી દેવા ને બુટ ધારણ કરવા.

(૭) સાદા ચંપલ પહેરી કે ઉઘાડા પગે ગાય-ભેંસ ન પાછળ ફરવું (છાણ ભેગું કરવા)

(૮) ડાય-ઈથાઈલ ટોલ્યુમાઈડ મલમ ચામડી પર લગાડવો.

● ઈતડીનો નાશ કરે તેવી દવાઓનો છંટકાવ કપડા પર કર્યા પછી જ તેવા વિસ્તારમાં જવું.

● જો વારંવાર તેવા વિસ્તારમાં જવાનું થતું હોય તો સવાર-સાંજ પોતાના શરીરનું ધ્યાનપૂર્વક અવલોકન કરી કિટનાશક સાબુ વડે સ્નાય કરી લેવું.

● શરીરના વાળવાળા અવયવોની સફાઈ કરવી તથા તેનાં ઈતડી નથી તે દરરોજ જોઈ તપાસી લેવુ.

● ઈતડીને શરીર પરથી દૂર કરતી વખતે કાળજી રાખવી, ચપટી વડે ન પકડતા, ચિપિયો વાપરવો, ચિપિયો ન મળે તો હાથ પર કપડાનો કટકો વિંટાળવો અથવા પેપર રૂમાલ વાપરવો. ઈતડી ઉખેડતા, તે અખંડિત રહે તે ધ્યાન રાખવું જેથી તેનો કોઈ ભાગ શરીર પર ન રહી જાય.બાદમાં શરીરના તે ભાગને તુરંત જ સાબુ વડે સાફ કરવો.

● પોતાના વિસ્તારના આરોગ્ય અધિકારીનું તુરંત માહિતી આપવી. રોગને ક્યારેક છુપાવવો નહીં.

● દર્દીને તુરંત હોસ્પિટલમાં લઈ જવો ને ડોકટરી સારવાર આપવી.

● રોગ-પરીક્ષણ વખતના લોહીથી ખરડાયેલા વસ્ત્રો, ઓજાર-સાધન-સરંજામ આ તમામ ચુસ્ત વ્યવસ્થા કરવી.

● રોગગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં તમામ સ્ત્રોતની તપાસ કરી રોગ ક્યાંથી ફેલાયો છે તે નિર્ણિત કરવું અને આસપાસનાં વિસ્તારમાં કોઈ દર્દી નથીને તેની તપાસ કરવી.

● દર્દી હોસ્પિટલમાં હોય તે દરમિયાન તમામ મુલાકાતીઓને દર્દી પાસે જવાની પરવાનગી આપવી નહીં.

● દર્દી અન્યનાં સંપર્કમાં ઓછામાં ઓછો આવે તે માટે પ્રબંધ કરવો.

● નિયમિત સારવાર તથા ચોકસાઈથી રોગ કાબુમાં આવી શકે છે. ડર વિના તુરંત ડૉકટરનો સંપર્ક કરવો.

સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

કચ્છના મેકરણદાદા રણમાં તરસથી પીડાતા જનો માટે ગધેડા - કૂતરાની જોડી રાખતા. સંતોનાં ચિત્તમાં કાયમ પરહિતની વાત હોય છે. તુલસીદાસ કહે છે પરહિત બસ જિનકે મનયોહિ - તિન્હ - કઇ જગ દુર્લભ કછુ નાહિ ' સંતો માટે કશું દુર્લભ નથી જે સદાય પરહિત કાર્ય કરે છે.

શિવપુરાણમાં કથન છે. એષ એવ બ્રહ્મ સાધો સહતે કોપડિ સ્વયમ્ ' જે પોતે સહન કરે છે તે બ્રહ્મત્વ પામી જાય છે. પરમ - તત્ત્વને પામવાની આ અતિ સહેલી પણ સર્વશ્રેષ્ઠ રીત છે. પરમ-તત્ત્વને પામવા તેની ઝાંખી કરવા હાથ જોડી - આંખ મિંચી બેસવાનું નથી પરંતુ ઉઘાડી આંખે જગતનાં દુઃખ નિહાળવાના છે તે માટે હાથ ખુલ્લો મુકવાનો છે. સંત થવું એટલે કે ભગવા ધારણ કરવાના નથી. આપણા કુટુંબજીવન દરમિયાન પણ સંતપણુ કેળવી શકાય છે. આપણા પોતાના વ્યવહારથી કુટુંબના અન્ય સભ્યોને દુઃખ તો નથી થતું ને... અગર કોઇ પણ પર આવેલ દુઃખ આપણું પણ છે તેમ માનવું એ પણ સંત-લક્ષણ છે. વડીલ માતા-પિતાની જીવન સંધ્યા પીડામય ન બને તેની તકેદારી રાખનાર સંતાનો પણ સંત-સમાન છે.

સંતો પણ મુક્તિના માર્ગે ચાલનારા છે. પણ તેનો માર્ગ જગતનાં દુઃખ પીવામાં છે. ઝેરની પીડાથી દેવ - અસુરને બચાવવા શંકરે ઝેર પીધું, 'મારા ભક્તોને દુઃખ પડે તેનાથી સો ગણું દુઃખ મને પડયે ' તેવું શ્રી સહજાનંદ - સ્વામીએ કહેલું, પરપિડનને તો મહાપાપ કહેવાયું છે. સંસારના સંતાપે દાઝેલા - બળેલાં હૈયાં સંતોના ચરણમાં જ વેદનાના ડુંગરા ઠાલવે છે. ને સાચા સંતોને ભાર પોતાના મસ્તક પર ઉપાડી લે છે, અને આ રીતે પરમ-તત્ત્વની આરાધના કરે છે. સંતો સદા સદ-ઉપદેશ જ આપે છે. એ કહે છે, 'સંસારના તમામ પ્રકારના બંધનોમાંથી જે મુક્તિ અપાવે... તમારા આંતર મનની પીડાને જે શમાવે, જે તમારા બૌદ્ધિક પ્રશ્નોનો તથા શંકાઓના સચોટ ઉકેલ બતાવે. તે જ તમારો સાચો ધર્મ. સંતો જીવન ધર્મના અનુયાયી હોય છે. મૃતપ્રાય ટીલા-ટપકાં કે જડ નિયમનોથી બંધાયેલ સંપ્રદાયને સ્વીકારતા નથી. સ્વયં સહન કરી સ્વર્ગ જવું તેજ તેઓનાં જીવનમંત્ર હોય છે. એ કરે છે લોકોની સેવાને પામે છે ભગવાનની સેવા.'